ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/રીવ્યુ-૩૯/૨૨–૨૩/ ૧૨૧ તારીખ : 17 MAY 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે.ફીડલીસ ઈન્ટરનેશનલ પ્રા.લી.**
**બંસલ હાઉસ,**
**આતાભાઈ ચોક,**
**ભાવનગર.**

કેસ નં.૩૯/૨૨–૨૩

**મો.નં – ૯૦૯૯૦ ૫૦૬૨૧**

**વિષય** : ગ્રાહક તકરાર નિવારણ ફોરમ કેસ ન. ૩૯ ૨૨-૨૩ ના ચુકાદા સામે રીવ્યુ અરજી બાબત.

**સંદર્ભ** : (૧) આપનો રીવ્યુ અરજી પત્ર તા. ૨૭.૧૨.૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૯/૨૨–૨૩/૩૮૫૭ તા.૦૫/૧૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમના ચુકાદા સામેની રીવ્યુ અરજી અંગે ફોરમ સમક્ષ તા.૨૨.૦૨.૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, **ભાવનગર.**

*......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ રીવ્યુ કેઈસ નંબર – ૩૯/૨૨-૨૩ ☜

વાદી :– મે.ફીડલીસ ઈન્ટરનેશનલ પ્રા.લી,

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– તા.૨૨/૦૨/૨૦૨૨ ◈

હાજર રહયા :– શ્રી વી.એલ.શાહ (વાદી ના અધિકૃત પ્રતિનિધિ)

પ્રતિવાદી :– શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે.ફીડલીસ ઈન્ટરનેશનલ પ્રા.લી., મું.ભાવનગર, જી.ભાવનગર ની એચ.ટી.કનેકશન નં–૨૪૧૫૪ નું ખોટું બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે દ્વારા સુનાવણીના અંતે તા. ૦૫.૧૨.૨૦૨૨ પત્ર ન. ૩૮૫૭ થી ચુકાદો કરવામાં આવેલ, જેની સામે વાદી દ્વારા રીવ્યુ અરજી કરવામાં આવેલ છે.

આ અંગે, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા ૨૨.૦૨.૦૨૨ રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, મે.ફીડલીસ ઈન્ટરનેશનલ પ્રા.લી. વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી વી.એલ.શાહ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

**Fidelis International Private Limited has filed Review Application against the Order dtd.22.02.2023 passed by Hon'ble CGRF.**

**Review Application on dtd.27.12.2022.**

We are in response to the reply filed by the respondent as per the above referred (3).

(I) Validity of the special bill for the month of January 2020

We had drawn the kind attention of the Hon"ble forum that there is no provision for issuing such a bill in the GERC tariff order. In the reply, the respondent mentioned that

3) (a) પ્રવર્તમાન ધોરણો મુજબ એચટી બીલ માસિક ધોરણે હાથ ધરવામાં આવે છે. જેમાં, ABT Meter ગ્રાહકોને દર માસની પ્રથમ તારીખે અને ABT Meter સિવાયના ગ્રાહકોને દર માસની ૧૬ તારીખે બીલ ઈસ્યુ કરવામાં આવે છે. પરંતુ, સદર એચટી કનેકશન નં–૨૩૧૫૪ માં ગ્રાહકને નાણાંકીય નુકશાન ન પડે તે હેતુ થી તા.૨૯.૦૧.૨૦૨૦ ના રોજ યુનિટ મુજબ રકમ રૂ.૧૨,૩૬૮/૨૦ આપવામાં આવેલ છે. જેમાં, તા.૨૦.૦૧.૨૦૨૦ થી તા.૩૧.૦૧.૨૦૨૦ સુધીના કુલ ૧૨ દિવસનો ડીમાંડ ચાર્જ ગણતરીમાં લેવામાં આવેલ છે. એટલે કે, જો ફેબ્રુઆરી ૨૦૨૦ ના માસમાં બીલ આપવામાં આવ્યું હોત તો, જાન્યુઆરી–૨૦૨૦ ના માસના ૧૨ દિવસ અને ફેબ્રુઆરી–૨૦૨૦ ના ૨૯ એમ કુલ ૩૯ દિવસ લેખે બિલ બનાવવામાં આવ્યું હોત તો ગ્રાહકને રકમ રૂ. ૨૮,૮૩૬/૭૮ નું વધુ બીલ બન્યુ હોત.

We appreciate the concern of the respondent regarding helping the new industries. In fact, the system adopted by the respondent had increased the bill inadvertently. As per the GERC tariff order, there is no provision to issue such an intermediate bill. As per the recent order of the PGVCL Forum at Bhavnagar in case No.59/22-23 M/S. Sai bandhan Infinium Pvt. Ltd. V/S the Exe. Engineer (Rural) PGVCL, Bhavnagar, it is established that demand charges should be collected from the date of release/load extension of the connection only in line with the CGRF order in case No.6/20-21 M/S Aggarwal Metcast V/S the Exe. Engr. (Rural), PGVCL, Bhavnagar.

| ક્રમ નંબર | વિગત બિલીંગનો સમયગાળો | કોન્ટ્રાકટેડ લોડ |
|---|---|---|
| ૧ | તા.૦૨/૦૮/૨૦૨૧ થી તા.૧૫/૦૮/૨૦૨૧ | ૧૨૭૦૦ |
| ૨ | તા.૧૬/૦૮/૨૦૨૧ થી તા.૧૫/૦૯/૨૦૨૧ | ૧૨૭૦૦ |
| ૩ | તા.૧૬/૦૯/૨૦૨૧ થી તા.૧૫/૧૦/૨૦૨૧ | ૧૨૭૦૦ |
| ૪ | તા.૧૬/૧૦/૨૦૨૧ થી તા.૧૫/૧૧/૨૦૨૧ | ૧૨૭૦૦ |
| ૫ | તા.૧૬/૧૧/૨૦૨૧ થી તા.૧૫/૧૨/૨૦૨૧ | ૧૨૭૦૦ |
| ૬ | તા.૧૬/૧૨/૨૦૨૧ થી તા.૧૫/૦૧/૨૦૨૨ | ૧૨૭૦૦ |
| ૭ | તા.૧૬/૦૧/૨૦૨૨ થી તા.૨૨/૦૧/૨૦૨૨<br>તા.૨૩/૦૧/૨૦૨૨ થી તા.૧૫/૦૨/૨૦૨૨ | ૧૨૭૦૦<br>૧૮૭૦૦ |
| ૮ | તા.૧૬/૦૨/૨૦૨૨ થી તા.૧૫/૦૩/૨૦૨૨ | ૧૮૭૦૦ |
| ૯ | તા.૧૬/૦૩/૨૦૨૨ થી તા.૧૫/૦૪/૨૦૨૨ | ૧૮૭૦૦ |
| ૧૦ | તા.૧૬/૦૪/૨૦૨૨ થી તા.૧૪/૦૫/૨૦૨૨<br>તા.૧૫/૦૫/૨૦૨૨ થી તા.૧૫/૦૫/૨૦૨૨ | ૧૮૭૦૦<br>૨૯૭૦૦ |
| ૧૧ | તા.૧૬/૦૫/૨૦૨૨ થી તા.૧૫/૦૬/૨૦૨૨ અને ત્યાર પછી | ૨૯૭૦૦ |

૩.૫ ઉપરોકત હિસ્ટ્રી જોતાં સ્પષ્ટ જણાય છે કે, પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ બિલીંગ ખામી યુકત છે. આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીને આપેલ માસ ઓગસ્ટ–૨૦૨૧, ફેબ્રુઆરી–૨૦૨૨ તેમજ મે–૨૦૨૨ ના બિલો રદ કરી ઉપર કોષ્ટકમાં જણાવેલ જે તે સમયના હકીકતમાં નોંધાયેલ લોડ વપરાશને ધ્યાને લઈ, રીવાઈઝડ બિલ બનાવીને વાદીને આપવા, વ્યાજ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ii) Regarding the load extension of 170 KVA released on 14.03.2021, the same principle should be applied. The demand charge considering the 150 KVA contract demand should be charged up to 13.03.2021 and the same should be charged considering the 320 KVA contract demand from 14.03.2021 to 15.03.2021.

The recorded demand as per the meter reading shit at the time of the release of load extension was 139 KVA. With MF 2, the actual demand will be 278 KVA. While after the release of the load extension, the recorded demand is 17 KVA. With the new MF 4, the recorded demand will be 68 KVA so billing will be at 85% of the new contract demand of 320 KVA.

The demand charge from 16.02.2021 to 13.03.2021 for 29 days will be for demand 278 KVA, and from 14.03.2021 to 15.03.2021 for 2 days the same will be for 272 KVA. The bill for the March-2021 should be revised accordingly.

(iii) In the bill issued for the month of March-2021 and even the revised bill the energy charge is charged as Rs.4.20 per unit while the actual energy charge as per GERC tariff order for Contract/actual demand less than 500 KVA is Rs.4.00. The Hon'ble Forum is requested to direct the respondent to revise the bill accordingly.

☞ <u>પ્રતિવાદીશ્રીની સમીક્ષા રજુઆત</u> :– **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

કેસ નં–૩૯/૨૨–૨૩ ના હુકમ સામે ગ્રાહક દ્વારા રીવ્યુ માટે અરજી કરવામાં આવેલ જેની સામે અમારી રજૂઆત નીચે મુજબ છે.

(૧) પારા નં–૧ અને ૨ ના સંદર્ભમાં અત્રેની કચેરી દ્વારા કંઈપણ કહેવાનું રહેતું નથી.

(૩) (a) પ્રવર્તમાન ધોરણો મુજબ એચ.ટી.બિલ માસીક ધોરણે હાથ ધરવામાં આવે છે. જેમાં, ABT Meter ગ્રાહકોને દરમાસની પ્રથમ તારીખે અને ABT Meter સિવાયના ગ્રાહકોને દર માસની ૧૬ તારીખે બિલ ઈસ્યુ કરવામાં આવે છે. પરંતુ, સદર એચ.ટી.કનેકશન નં–૨૩૧૫૪ માં ગ્રાહકને નાણાંકીય નુકશાન ન પડે તે હેતુથી તા.૨૯/૦૧/૨૦૨૦ ના રોજ યુનિટ મુજબ રકમ રૂા.૧૨૩૬૮/૨૦ આપવામાં આવેલ છે. જેમાં, તા.૨૦/૦૧/૨૦૨૦ થી

તા.૩૧/૦૧/૨૦૨૦ સુધીના કુલ ૧૨ દિવસનો ડીમાંડ ચાર્જ ગણતરીમાં લેવામાં અવોલ છે. એટલે જો ફેબ્રુઆરી – ૨૦૨૦ ના માસમાં બિલ આપવામાં આવ્યું હોત તો જાન્યુઆરી–૨૦૨૦ ના માસના ૧૨ દિવસ અને ફેબ્રુઆરી–૨૦૨૦ ના ૨૯ એમ કુલ ૩૯ દિવસ લેખે બિલ બનાવવામાં આવ્યું હોત તો ગ્રાહકને રકમ રૂા.૨૮,૮૩૬/૭૮ નું વધુ બિલ બન્યું હોત.

(b) ફેબ્રુઆરી–૨૦૨૦ ના માસમાં આપવામાં આવેલ બિલ રકમ રૂા.૪,૯૦,૯૬૬/૦૬ નું બિલ આપવામાં આવેલ. જેમાં, કુલ ૨૯ દિવસ મુજબ જ ડિમાન્ડ ચાર્જ ગણતરીમાં લેવામાં આવેલ છે.

(c) માર્ચ–૨૦૨૦ ના માસમાં ૧૫૦ કેવીએ થી ૩૨૦ કેવીએ કુલ ૧૭૦ કેવીએ લોડ વધારો થયેલ હોય, જેમાં બિલ ભૂલથી રૂા.૫,૬૬,૭૪૭/૦૪ બનાવવામાં આવેલ હતું. જે બિલમાં રીવાઈઝડ કરી બિલ રૂા.૪૭૦૨૯૧/૨૫ નું આપવામાં આવેલ અને તફાવતની રકમ રૂા.૯૬,૪૫૫/૮૦ જમા આપવામાં આવેલ છે. જેમાં, ડીમાંડ ચાર્જની ગણતરી તા.૦૧/૦૩/૨૦૨૦ થી તા.૧૩/૦૩/૨૦૨૦ ના કુલ ૧૩ દિવસનું જુના લોડ ૧૫૦ કેવીએ ના ૮૫% લેખે

તા.૧૪/૦૩/૨૦૨૦ થી તા.૩૧/૦૩/૨૦૨૦ ના કુલ ૧૮ દિવસનો નવા લોડ ૨૭૨ કેવીએના ૮૫% લેખે ડીમાંડ ચાર્જ લઈ બિલ બનાવવામાં આવેલ છે.

Prayer: સદર ઉપરોક્ત રીવ્યુ પીટીશન ફાઈલ કરેલ છે. તે રદબાતલ કરવા નમ્ર અરજ.

**ફોરમના તારણો : વાદી અને પ્રતિવાદીની રજૂઆત અંગે નીચે મુજબના તારણો નીકળે છે.**

3.૧ વાદી મેં.ફીડલીસ ઇન્ટરનેશનલ પ્રા.લી. દ્વારા ફોરમ ના કેસ ન. ૩૯/૨૨-૨૩ કેસ સામે નારાજગી હોઈ રીવ્યુ અરજી તારીખ ૨૭.૧૨.૨૨ના પત્ર થી ફોરમને કરેલ છે.

3.૨ વાદીની રીવ્યુ અરજી અંગે રૂબરૂ સુનાવણી તા. ૨૨.૦૨.૨૩ તેમજ તા. ૧૫.૦૩.૨૦૨૩ના રોજ રાખવામાં આવેલ, તા. ૨૨.૦૨.૨૩ ની રૂબરૂ સુનવણીમાં વાદી હાજર રહેલ નહી આજરોજ તા. ૧૫.૦૩.૨૩ ની સુનાવણીમાં વાદીના પ્રતિનિધિ હાજર છે. પ્રતિવાદીના પ્રતિનિધિ બંને મુદતમાં હાજર રહેલ છે, તેમજ પોતાની રજુઆતો કરેલ છે.

3.3 આજરોજ તા. ૧૫.૦૩.૨૩ણી રૂબરૂ સુનાવણીમાં વાદી દ્વારા ફરીવાર તેમના એચ.ટી. કનેક્શન ન. ૨૪૧૫૪ જાન્યુ.-૨૦, ફેબ્રુ-૨૦, માર્ચ-૨૦ બીલ ઘટાડી રિવાઈઝ્ડ કરવા અંગે રજૂઆત કરેલ છે, જેને ફોરમ દ્વારા સાંભળવામાં આવેલ છે.

3.૪ આ તબક્કે ફોરમને જણાય છે કે વાદી એ ઉપસ્થિત કરેલ બિલીંગ અંગેના મુદાઓ ની ચર્ચા અગાઉ કેસની સુનવણી સમયે થયેલ છે. આ અરજી સાથે વાદીએ કોઈ નવો દસ્તાવેજ કે પત્ર પણ તેમની તરફેણનો રજુ કરેલ નથી, તે સંજોગોમાં ફોરમ દ્વારા આપવામાં આવેલ ચુકાદો બરાબર માલુમ પડે છે તથા તેમાં કોઈ ફેરફાર જરૂરી ન હોઈ પત્ર ન. ૩૮૫૭ તા. ૦૫.૧૨.૨૨ થી કરવામાં આવેલ ચુકાદો યથાવત રાખાવમાં આવે છે.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ૩જો માળ, બ્લોક નં—૧, ગવર્નમેન્ટ પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(એન.આઈ.ઉપાધ્યાય)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એન.સી.મકવાણા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**

Consumer Grievance Redressal Forum PGVCL Bhavnagar

તા. : ૧૫.૦૩.૨૦૨૩.